RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૭૦૮ તા.૨૮–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન),
ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન),
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન),
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન),
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન),
સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન),
કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૦૩–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ઈ.ચા.ડે.કમિશ્નર(હે અને હો) તરફથી પી.એચ.ડી./સો.વે.મે./આ.નં.૨૦૬૬ તા.૨૧–૨–૧૧ના પત્રના પ્રશ્ન નંબર ૪ થી જે જાણકારી મને આપવામાં આવેલ તેના અનુસંધાનમાં નવા કોન્ટ્રાકટરને નવો કોન્ટ્રાકટ સાતેય ઝોનમાં આપવામાં આવ્યો ત્યારથી તા. ૩૧–૧–૧૨ સુધી તારીખથી તારીખ પર ડે કોન્ટ્રાકટર પાસે કેટલા રૂપિયા દંડ વસુલ કરવામાં આવ્યો તેની આંકડાકીય માહિતી આપો વિ. મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૦૮/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન. દેસાઈની તા.૦૩–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો) તરફથી પી.એચ.ડી./સો.વે.મે./આ.નં.૨૦૬૬ તા. ૨૧–૨–૧૧ના પત્રના પ્રશ્ન નંબર ૪ થી જે જાણકારી મને આપવામાં આવેલ તેના અનુસંધાનમાં નવા કોન્ટ્રાકટરને નવો કોન્ટ્રાકટ સાતેય ઝોનમાં આપવામાં આવ્યો ત્યારથી તા. ૩૧–૧–૧૨ સુધી તારીખથી તારીખ પર ડે કોન્ટ્રાકટર પાસે કેટલા રૂપિયા દંડ વસુલ કરવામાં આવ્યો તેની આંકડાકીય માહિતી આપો વિ. મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી આપવા બાબતે સેન્ટ્રલઝોન, કતારગામઝોન, ઉધનાઝોન, અઠવાઝોન તરફથી મળેલ માહિતી ખોટી, અધુરી અને ગેરમાર્ગે દોરનારી હોવાથી તથા વરાછાઝોન, લીંબાયતઝોન અને રાંદેરઝોન તરફથી માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૮–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા અખબારી અહેવાલો સામે દફતરી આધારભૂત વિગતો–આંકડાની વિગત હોય તો રજૂ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૧૩૮ તા. ૩૧–૩–૧૨થી ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન),એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન),સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન નહીં મળેલ માહિતી મળે તો માહિતી મળ્યા બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા વધુમાં અખબારી અહેવાલોના સમર્થનમાં તેમની પાસે અધિકૃત આંકડાકીય વિગતો હોય તો તેના આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૫૮ તા. ૧૨–૪–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૧૪૪ તા. ૫–૩–૧૨ના પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, ફી ભર્યા રસીદની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /જાવક/ ૨૨૫૨ તા. ૪–૨–૧૨થી આરોગ્ય અધિકારીશ્રી આરોગ્ય વિભાગ, ઈ.ચા.

સોલીડ વેસ્ટ મેનેજરશ્રીને તબદીલ કરેલ પત્રની નકલ, સોલીડ વેસ્ટ મેનેજર વિભાગ તરફથી પત્ર નં. પીએચડી/સો.વે.મે./આ.નં./૧૮૦૬ તા. ૧૪–૨–૧૨થી કાર્યપાલક ઈજનેરશ્રી અને મ.માહિતી અધિકારીશ્રી, તમામ ઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, ઈ.ચા.ડે.કમિ.(હે અને હો)થી અરજદારને આપેલ માહિતીના પત્ર નં. પી.એચ.ડી/સો.વે.મે./આ.નં./૨૦૬૬ તા. ૨૧–૨–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં./૧૦૬૪ તા. ૧૦–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૧૦૬૪ તા. ૧૦–૪–૧૨ની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ. ૧૩૩ તા. ૨–૫–૧૨થી પૂરક વિગતોમાં સોલીડ વેસ્ટ મેનેજર તરફથી પત્ર નં. પીએચડી/સો.વે.મે./આ.નં./૧૮૦૬ તા. ૧૪–૨–૧૨થી કાર્યપાલક ઈજનેરશ્રી અને મ.માહિતી અધિકારીશ્રી, તમામ ઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મૂળ અરજીની નકલ, ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) ના પત્ર નં. પી.એચ.ડી/સો.વે.મે./આ.નં./૨૦૬૬ તા. ૨૧–૨–૧૧ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/ આરટીઆઈ/આ.૧૬૮૭ તા. ૧૯–૩–૧૨ની નકલ, ડોર ટુ ડોર ગાર્બેજ કનેકશન પેનલ્ટી પત્રકની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આ.૪૪૮ તા. ૧૯–૫–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. એનઝેડ/આઉટ/૨૮ તા. ૧૧–૪–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સોલીડ વેસ્ટ મેનેજર વિભાગ તરફથી પત્ર નં. પીએચડી/સો.વે.મે./આ.નં./૧૮૦૬ તા. ૧૪–૨–૧૨થી કાર્યપાલક ઈજનેરશ્રી નોર્થઝોન અને મ.માહિતી અધિકારીશ્રી, તમામ ઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મૂળ અરજીની નકલ, ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) ના પત્ર નં. પી.એચ.ડી/ સો.વે.મે./આ.નં./૨૦૬૬ તા. ૨૧–૨–૧૧ના પત્રની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. એન.ઝેડ/આઉટ/૮૫૪૯ તા. ૬–૩–૧૨ની નકલ, મૂળ અરજીની નકલ, કતારગામ આરોગ્ય વિભાગ તરફથી કરવામાં આવેલ પેનલ્ટી પત્રકની નકલ, ફી ભર્યા રસીદની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન અને લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ ઉધનાઝોન તરફથી અરજદારને તા. ૧૨–૩–૧૨ ના રોજ આપેલ માહિતીની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૫–૪–૧૨નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૩–૦૨–૧૨ની અરજીથી ડે.કમિ. (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી પીએચડી/સોવેમે/આ.નં.૨૦૬૬ તા. ૨૧–૨–૧૨થી સફાઈ કોન્ટ્રાકટરોને કરવામાં આવેલ દંડની આપેલ વિગતો પૈકી પ્રશ્ન નં. ૪,૬ અને ૮ બાબતે માંગવામાં આવેલ મુદ્દા નં.૧ અને ૨ થી આંકડાકીય માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી આરટીઆઈ સુરત મહાનગરપાલિકાને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /જાવક/ ૨૨૫૨ તા. ૪–૨–૧૨થી નિયત સમય અવધિમાં આરોગ્ય અધિકારીશ્રી આરોગ્ય વિભાગ, ઈ.ચા. સોલીડ વેસ્ટ મેનેજરશ્રીને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ સોલીડ વેસ્ટ મેનેજર વિભાગ તરફથી પત્ર નં. પીએચડી/સો.વે.મે./આ.નં./૧૮૦૬ તા. ૧૪–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ કાર્યપાલક ઈજનેરશ્રી અને મ.માહિતી અધિકારીશ્રી, તમામ ઝોનને તબદીલ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આ.નં./૨૪૭૪ તા. ૨૮–૨–૧૨થી નિયત સમય અવધિમાં મુદ્દા નં. ૧ થી ૨ ની માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ આ.નં. ૧૧૪૪ તા. ૫–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૧ થી ૨ની માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. એન.ઝેડ/આઉટ/૮૫૪૯ તા. ૬–૩–૧૨ નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/આરોગ્ય/૨૦૧ તા. ૧૨–૩–૧૨ નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ /આ. ૧૬૮૭ તા. ૧૯–૩–૧૨ નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૧૦૬૪ તા.૧૦–૪–૧૨ નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં. (૧) ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો) તરફથી પી.એચ.ડી./સો.વે.મે./આ.નં.૨૦૬૬ તા. ૨૧–૨–૧૧ના પત્રના પ્રશ્ન નંબર ૪ થી જે જાણકારી મને આપવામાં આવેલ તેના અનુસંધાનમાં નવા કોન્ટ્રાકટરને નવો કોન્ટ્રાકટ સાતેય ઝોનમાં આપવામાં આવ્યો ત્યારથી તા. ૩૧–૧–૧૨ સુધી તારીખથી તારીખ પર ડે કોન્ટ્રાકટર પાસે કેટલા રૂપિયા દંડ વસુલ કરવામાં આવ્યો તેની આંકડાકીય માહિતી આપો. તેવા પ્રશન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી " સેન્ટ્રલઝોનમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી ઈજારદારશ્રી પી.ગોપીનાથ રેડી તરફથી કરવામાં આવે છે. આ કોન્ટ્રાકટરને આપેલ વર્કઓર્ડર મુજબ તેઓ તરફથી તા. ૧૬–૯–૧૧થી કામગીરી શરૂ કરવામાં આવેલ. કામગીરી શરૂ કરેલ તે દિવસથી તા. ૩૧–૧–૧૨ સુધી કરેલ કામગીરીનું પેમેન્ટ બાકી હોય, શરતોનો ભંગ બદલ કોન્ટ્રાકટર પાસે દંડ વસુલ કરવાનો હાલ પેન્ડીંગ છે." તેવું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી " નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ચાલતી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરીના કોન્ટ્રાકટરને તા. ૧૦–૧૦–૧૧થી કામગીરી શરૂ કરેલ છે. વસુલ કરેલ દંડ રૂા.માં (તારીખ વાઈઝ) આ પત્રક સામેલ છે.

તા. ૧–૧૧–૧૧ થી તા. ૩૦–૧૧–૧૧–– રૂા. ૪,૩૬૦/–

તા. ૧–૧૨–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧––રૂા. ૧,૮૪૦/–

તા. ૧–૧–૧૨ થી તા. ૩૧–૧–૧૨–– રૂા. ૨૫૨૦/–દંડ કરવામાં આવેલ. '' તેવું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી '' ડોર ટુ ડોર કચરો ઉઘરાવાના દરેક માણસોને યુનિફોર્મ પહેરવાની શરત રાખવામાં આવેલ છે અને તેનું પાલન ન કરે તો દંડ વસુલ કરવાની જોગવાઈ રાખવામાં આવેલ છે. વસુલ કરેલ દંડ તા. ૧–૧–૧૨થી ૩૧–૧–૧૨––રૂા.૨૦૦૦/–તેવું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી '' સદર નવા ઈજારદારની બીલ ચુકવણી અંગેની કાર્યવાહી હાલ આજરોજ સુધી ઉધનાઝોન ખાતેથી થયેલ નથી. જે સમયે બીલ બનાવવામાં આવશે તે રનીંગ બીલમાંથી ટેન્ડર શરત મુજબ પેનલ્ટીની રકમ વસુલ કરવામાં આવશે.'' તેવું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી '' પૂર્વઝોન(વરાછા)માં જાન્યુઆરી–૨૦૧૨માં રૂા. ૨, ૯૫, ૨૫૦/–, ફેબ્રુઆરી–૨૦૧૨માં રૂા. ૧,૫૯,૦૦૦/– અને માર્ચ–૨૦૧૨ માં ૪૧, ૫૫૦/– દંડ વસુલ કરવામાં આવ્યા છે.'' તેવું જણાવેલ.

(૨) ઈ.ચા.ડે.કમિશ્નર(હે અને હો) તરફથી પીએચડી/સોવેમે/આ.નં.૨૦૬૬ તા. ૨૧–૨–૧૧ના પત્રનાં પ્રશ્ન નં. ૬,૭,૮ થી જે જાણકારી મને આપવામાં આવેલ તેના અનુસંધાનમાં નવા કોન્ટ્રાકટરને નવો કોન્ટ્રાકટ સાતેય ઝોનમાં આપવામાં આવ્યો ત્યારથી તા. ૩૧–૧–૧૨ સુધી તારીખથી તારીખ પર ડે કોન્ટ્રાકટર પાસે કેટલા રૂપિયા દંડ વસુલ કરવામાં આવ્યો તેની આંકડાકીય માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી '' સેન્ટ્રલઝોનમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી ઈજારદારશ્રી પી.ગોપીનાથ રેડ્ડી તરફથી કરવામાં આવે છે. આ કોન્ટ્રાકટરને આપેલ વર્કઓર્ડર મુજબ તેઓ તરફથી તા. ૧૬–૯–૧૧થી કામગીરી શરૂ કરવામાં આવેલ. કામગીરી શરૂ કરેલ તે દિવસથી તા. ૩૧–૧–૧૨ સુધી કરેલ કામગીરીનું પેમેન્ટ બાકી હોય, શરતોનો ભંગ બદલ કોન્ટ્રાકટર પાસે દંડ વસુલ કરવાનો હાલ પેન્ડીંગ છે.'' તેવું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી '' મુદ્દા નં. ૬ નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ડોર ટુ ડોર કચરો ઉઘરાવનાર માણસો કચરાની જગ્યા પર દારૂ ગાડીમાં ભરે તો છે આવો કિસ્સો ધ્યાને આવેલ નથી જેથી પેનલ્ટી વસુલ કરવામાં આવેલ નથી. મુદ્દા નં.૭નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કામગીરીના કર્મચારી દ્રારા પ્લાસ્ટીક કે અન્ય મટીરીયલ્સ કોથળા–બેગમાં એકત્રિત કરી વાહનો પર લટકાવતા હોવાનું તા. ૩૧–૧–૧૨ સુધીના સમયગાળામાં ધ્યાને આવેલ નથી. પરંતુ ત્યારબાદ આવી જણાયેલ ક્ષતિઓને પેનલ્ટી કરવામાં આવેલ છે પરંતુ ઉપરોકત જણાયેલ સમયગાળા બાદ અન્ય મટીરીયલ્સ કોથળા–બેગમાં એકત્રિત કરી વાહનો પર લટકાવતા હોવાનું જણાતાં તા. ૨૧–૨–૧૨ના રોજ કુલ રૂા. ૧૦,૦૦૦/– પેનલ્ટી કરેલ છે. મુદ્દા નં. ૮ નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કામગીરીના કર્મચારી દ્રારા પ્લાસ્ટીક તેમજ અન્ય વસ્તુ છુટી પાડી બારોબાર વેચી નાંખે છે તે ન કરે તે માટે દંડ વસુલ કરવાની બાબતે આવો કોઈપણ કિસ્સો તા.૩૧–૧–૧૨ સુધીના સમયગાળામાં ધ્યાને આવેલ નથી જેથી દંડ વસુલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.'' તેવું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી '' તા. ૨૧–૨–૧૧ના પત્રના પ્રશ્ન નં. ૬–નીલ

તા. ૨૧–૨–૧૧ના પત્રના પ્રશ્ન નં. ૭ની પૂર્તતા નીચે મુજબ છે.

| | વસુલ કરેલ દંડ |
|---|---|
| તા. ૧–૧૨–૧૧ થી ૩૧–૧૨–૧૧ | રૂા. ૫૦૦૦/– |
| તા. ૧–૧–૧૨ થી ૩૧–૧–૧૨ | રૂા.૧૦,૦૦૦/– |
| કુલ... | રૂા. ૧૫,૦૦૦/– |

તા. ૨૧–૨–૧૧ના પત્રના પ્રશ્ન નં. ૮ની પૂર્તતા નીચે મુજબ છે.

| | વસુલ કરેલ દંડ |
|---|---|
| તા. ૧–૧૨–૧૧ થી ૩૧–૧૨–૧૧ | રૂા. ૫૦૦૦/– |
| તા.૧–૧–૧૨થી ૩૧–૧–૧૨ | રૂા. ૧૦,૦૦૦/– |
| કુલ... | રૂા.૧૫,૦૦૦/–તેવું જણાવેલ. |

જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી '' સદર નવા ઈજારદારની બીલ ચુકવણી અંગેની કાર્યવાહી હાલ આજરોજ સુધી ઉધનાઝોન ખાતેથી થયેલ નથી. જે સમયે બીલ બનાવવામાં આવશે તે રનીંગ બીલમાંથી ટેન્ડર શરત મુજબ પેનલ્ટીની રકમ વસુલ કરવામાં આવશે.'' તેવું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી '' મુદ્દા નં. ૧ અને ૨ અંગેની માહિતી અન્વયે જણાવવાનું કે અરજીમાં જણાવેલ માંગ્યા મુજબની માહિતીના પાનાની નકલ(પાના નંગ–૫)ના નકલદીઠ રૂા. ૨/– લેખે રૂા. ૧૦/–(શબ્દોમાં કુલ દશ રૂપિયા પૂરા) અઠવાઝોન કચેરીના સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી તમોશ્રી મેળવી શકશો. '' તેવું જણાવેલ. જે સમય અવધિ બાદનું હોઈ, કલમ–૭(૩) સાથે સુસંગત નથી. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં સેન્ટ્રલઝોન કતારગામઝોન ઉધનાઝોન અને અઠવાઝોન તરફથી મળેલી માહિતીથી નારાજ થઈ તથા લીંબાયતઝોન વરાછાઝોન અને રાંદેરઝોન તરફથી નહી મળેલી માહિતીથી નારાજ થઈ તા. ૨૮–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જે પૈકી વરાછાઝોન અને રાંદેરઝોન તરફથી અરજદારને વિલંબીત માહિતી પુરી પાડવામાં આવેલ છે જયારે લીંબાયતઝોન તરફથી અરજદારને કોઈપણ પ્રકારની

માહિતી પુરી પાડવામાં આવેલ નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮ ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારે તેમની તા. ૦૩–૦૨–૧૨ની અપીલ અરજીમાં અપીલના મુદ્દા નં.(૧) મે જે માહિતી જાહેર માહિતી અધિકારીઓ પાસે માંગવામાં આવેલ તેના અનુસંધાનમાં મને સાચી માહિતી આપવામાં આવેલ નથી. પરંતુ તેમાં કોઈ આધાર રજુ કરેલ નથી. (૨) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સીઝેડ/આરટીઆઈ/ આ.નં./૨૪૭૪ તા. ૨૮–૨–૧૨થી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે તેમજ અધુરી માહિતી આપવામાં આવેલ છે જયારે ડોર ટુ ડોરના કોન્ટ્રાકટરને કામ સોપવામાં આવેલ ત્યારે નક્કી કરેલ શરતનું પાલન કરવાની શરતે જ કોન્ટ્રાકટ આપવામાં આવેલ તેમ છતાં દંડ વસુલ ન કરી પેન્ડીંગ છે તેવું જણાવી ખોટી માહિતી આપેલ છે. જે અંગે અરજદારે તા. ૨૮–૨–૧૨ની સ્થિતિએ પેમેન્ટ પેન્ડીંગ નહીં હોવાના કોઈ આધાર રજુ કરેલ નથી. (૩) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને એડી.સીટી ઈજનેર(સીવીલ) અને ઝોનલચીફ(કતારગામ) તરફથી એન.ઝેડ/આ.નં./૮૫૪૯ તા. ૬–૩–૧૨થી જે માહિતી આપવામાં આવેલ છે જેમાં મને જણાવવામાં આવેલ કે ૨૫૨૦ /– રૂપિયા તેમજ ૧૫,૦૦૦/– રૂપિયા દંડ વસુલ કરેલ છે તેવું જણાવેલ પરંતુ તા. ૨૦–૩–૧૨ના ગુજરાત મિત્ર દૈનિકમાં જણાવવામાં આવેલ છે કે નબળી કામગીરી અને કોન્ટ્રાકટની શરતોનું પાલન ન થવાના કારણે ૧૯,૮૪ લાખની પેનલ્ટી કરવામાં આવેલ છે. તો આ બેમાંથી સાચું કયું માહિતી ખોટી આપવામાં આવી છે. સદર અપીલના મુદ્દામાં અરજદારે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીને આખા શહેરની માહિતી સાથે દૈનિક પત્રના આધારે અરજદારે રજુઆત કરેલ જણાય છે. વધુમાં અરજદારે જે તે સમયગાળાની માહિતી માંગેલ છે. તેના સંદર્ભે માહિતી નહી મળ્યાની કોઈ રજુઆત નથી. તેમજ ખોટી માહિતીના દાવા અંગે અખબારી હેવાલ સિવાયના અધિકૃત આધાર રજુ કરેલ નથી. (૪) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી ઉધનાઝોન તરફથી નં. સા.ઝોન/આરોગ્ય/૨૦૧ તા. ૧૨–૩–૧૨થી જે માહિતી આપવામાં આવેલ છે. જે ખોટી તેમજ ગેરમાર્ગે દોરાવનાર છે વધુમાં અપીલ મુદ્દા નં. ૨ ધ્યાનમાં લઈ સાચી માહિતી આપવા વિનંતી. જે અંગે મુદ્દા નં. ૨માં જણાવેલ છે. (૫) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી અઠવાઝોન તરફથી નં. સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ/ આ.નં./૧૬૮૭ તા. ૧૯–૩–૧૨થી જે ૧૫,૦૦૦/– દંડ વસુલ કરેલની જાણકારી આપેલ છે જે ખોટી છે તા. ૨૦–૩–૧૨ ના રોજ ગુજરાત મિત્ર દૈનિકમાં જણાવ્યા મુજબ અઠવાઝોનમાં ૩, ૧૫ લાખની પેનલ્ટી વસુલ કરવામાં આવેલ છે તો સાચું શું છે. જે અંગે મુદ્દા નં. ૩માં જણાવવામાં આવેલ છે. (૬) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં વરાછા, લીંબાયત, રાંદેરઝોન તરફથી માહિતી મળેલ નથી. સમય મર્યાદામાં તે બાબતે જાહેર માહિતી અધિકારી પર આરટીઆઈ એકટની કલમ–૨૦ મુજબની કાર્યવાહી કરવા વિનંતી તેમજ માહિતી અપાવવા વિનંતી. જે અંગે રાંદેરઝોન તથા વરાછાઝોન તરફથી વિલંબથી માહિતી આપવામાં આવેલ છે અને જો તે અંગે માહિતી અધુરી હોય તો તેની નારાજગી અંગે પત્ર પાઠવવામાં આવેલ છે જયારે લીંબાયતઝોન તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ નથી. (૮) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં પુરાવારૂપે તા. ૮–૩–૧૨નું ડી.બી.ગોલ્ડ રજૂ કરું છું જે ધ્યાનમાં લેવામાં આવે તો ડોર ટુ ડોરની પોલમપોલનો ખ્યાલ આવશે અને કોન્ટ્રાટકર શરતોનું પાલન કરતા નથી તે પણ ખ્યાલ આવશે તેમજ દિવ્ય ભાસ્કર તા. ૧૫–૩–૧૨ની કોપી પણ ધ્યાનમાં લેવા વિનંતી. જે અંગે અરજદારે દૈનિક પત્રના સમાચાર મુજબ કોન્ટ્રાકટરો સુચન પાલન કરતા નથી. તેવું સુચન કરેલ છે. (૯) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં તા. ૨૦–૩–૧૨ના ગુજરાત મિત્ર દૈનિકની કોપી સામેલ છે જે પણ ધ્યાનમાં લ ેવા વિનંતી. જેથી ખ્યાલ આવશે કે ડોર ટુ ડોરના કોન્ટ્રાકટર શરતોનું પાલન કરતા નથી. અરજદારે દૈનિક પત્રનો હવાલો આપી કોન્ટ્રાકટરો શરતોનું પાલન કરતા નથી તેવું સુચન કરેલ છે. (૧૦) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં ડોર ટુ ડોરના કોન્ટ્રાકટરની ગેરરીતિ બાબતે ૧ થી ૨૨ ના પુરાવાના ફોટા રજુ કરું છું મારી સહી સાથે જે ધ્યાનમાં લેવામાં આવે તો ડોર ટુ ડોરની ગરરીતિનો ખ્યાલ આવશે અને શા માટે ડે ટુ ડે પેનલ્ટી વસુલ કરવામાં ન આવતી હોય તે ધ્યાનમાં લેવું. અરજદારે ફોટોગ્રાફ રજુ કરી ડોર ટુ ડોરની ડે વાઈઝ પેનલ્ટી વસુલ કરવામાં ન આવતી હોવાનું ધ્યાને લેવા સુચન કરેલ છે. જેમા જાહેર માહિતી અધિકારીએ જે તે તારીખે શરતનું પાલન થયેલ હોય તે તારીખ મુજબ પેનલ્ટી અત્રે રજુ કરેલ પત્રકમાં જણાવેલ છે. તેથી ડે ટુ ડે પેનલ્ટી વસુલ કરવામાં ધ્યાને લેવાના સુચન પહેલેથી જ અમલમાં હોવાનું જણાય છે. (૧૧) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં સેન્ટ્રલઝોનની વાત ધ્યાનમાં લેવામાં આવે તો ૧૨ વોર્ડમાં ડોર ટુ ડોરની ૩૬ ગાડીઓ ચાલે છે. તે મુજબ ૩૬ ડ્રાઈવર + ૭૨ કામદાર કામ કરે છે તે મુજબ ડોર ટુ ડોરના કોન્ટ્રાકટે માણસોને ફરજીયાત ડ્રેસ પહેરવાનો હોય છે અને ગાડી પાછળ અથવા સીટની બાજુમાં તેમજ ગાડીની અંદર અલગથી પ્લાસ્ટીક તેમજ અન્ય વસ્તુ છુટી પાડી ગાડી પાછળ લટકાવામાં આવે અથવા ડ્રાઈવરની સીટની બાજુમાં મુકવામાં આવે અથવા કચરાની ગાડીની અંદર અલગથી રાખવામાં આવે તો પેનલ્ટી કરવાની હોય છે તે મુજબ આજે પણ માણસોને ડ્રેસ પહેરાવામાં નથી આવતા તેમજ કોથળા લટકાવાના કારણે દંડ ૧૦૮ × ૫૦ = ૫૪૦૦ × ૩૦ = ૧,૬૨,૦૦૦/– નો દંડ ફકત ડ્રેસ ન પહેરવાના કારણે થાય તેમજ ૫૦૦૦ × ૩૦ = ૧,૫૦,૦૦૦/– ડોર ટુ ડોરની ગાડીની પાછળ કોથળા લટકાવવા માટે તેમજ કોથળા ડ્રાઈવરની સીટની બાજુમાં રાખે તો તેમજ કોથળા અલગથી કચરાગાડીની અંદર રોખે તો દંડ વસુલ કરવાનો થાય છે પરંતુ તેમ ન કરવાના કારણે સેન્ટ્રલઝોન તરફથી ૩,૧ ૨,૦૦૦/– ની પેનલ્ટી ૩૦ દિવસની વસુલ કરવાની થાય છે. પરંતુ ડોર ટુ ડોર પર સુપરવિઝન ન કરવાના કારણે આર્થિક નુકશાન સુ.મ.ન.પા.ને જ થાય છે.

જેમાં અરજદારે સેન્ટ્રલઝોનની પેનલ્ટીની રજુઆત કરેલ છે અને સુપરવિઝન ન કરવાના કારણે આર્થિક નુકશાન સુ.મ.ન.પા. ને થાય છે તેવો દાવો કરેલ છે. પરંતુ સેન્ટ્રલઝોન તરફથી દંડ વસુલ કરવાનું પેન્ડીંગ હોવાનું જણાવેલ છે. આથી સુપરવિઝન ન થતું હોવાનું માની શકાય નહીં. (૧૨)મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં છ ઝોનમાં જો સખત ચેકીંગ કરી પેનલ્ટી વસુલ કરવામાં આવે તો શરતોનું પાલન થયેલ ગણાય પરંતુ તેમ ન કરવાના કારણે લાખો રૂપિયાનું નુકશાન સુ.મ.ન.પા.ને જ થાય છે. અરજદારે ચેકીંગ અંગેનું સુચન કરેલ છે. (૧૩) જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં આજેપણ સાતેય ઝોનમાં ડોર ટુ ડોરના દરેક ગાડીના ડ્રાઈવર તેમજ ગાડી સાથે આવતા બે માણસો પણ ડ્રેસ પહેરતા નથી તેમજ સાતેય ઝોનમાં ડોર ટુ ડોરના કર્મચારી જે ઘરે ઘરેથી કચરો ઉઘરાવે છે તો કચરામાંથી પ્લાસ્ટીક તેમજ અન્ય વસ્તુ છુટી પાડી વેચાણ કરે છે. ભંગારવાળાને ત્યાં વેચે છે તેમજ આ તમામ વસ્તુઓ છુટી પાડી ગાડી પાછળ કોથળા લટકાવે છે તેમજ કોથળા ડ્રાઈવરની સીટની બાજુમાં રાખે તેમજ આ કોથળા ભરી કચરાની ગાડીની અંદર રાખે છે જે આજે પણ આ ગેરરીતિ ખુલ્લેઆમ ચાલે છે તેમ છતાં આંખ આડા કાન અધિકારી કરી ડે ટુ ડે પેનલ્ટી વસુલ કરતા નથી. જેમાં અરજદારે ફરીયાદને લગતી રજુઆત કરેલ છે. જે કાર્યવાહીને લગતી બાબત હોઈ, સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવાની રહે. (૧૪) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં તા. ૨૩–૩–૧૨ ના સંદેશ દૈનિકની કોપી સામેલ કરું છું જે પણ ધ્યાનમાં લેવા વિનંતી. સંદેશની નકલ રજુ કર્યાનું જણાવેલ છે. (૧૫) મે જે માહિતી માંગેલ સાતેય ઝોન પાસે તે માહિતી સાચી આપવા વિનંતી. સાત ઝોન પૈકી છ ઝોનની માહિતી આપવામાં આવેલ છે તેમજ અરજદારને અપીલ તબક્કે પત્ર નં. આરટીઆઈ સેલ/૨૧૩૮ તા. ૩૧–૩–૧૨થી અપીલ દરમ્યાન નહીં મળેલ માહિતી મળે તો માહિતી મળ્યા બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા જણાવેલ. જેમાં પણ અરજદારે તા. ૫–૪–૧૨ના પત્રથી ફોટોગ્રાફ રજુ કરવામાં આવેલ છે . જેમાં કોન્ટ્રાકટના માણસો ગેરરીતિ કરે છે જેના કારણે નુકશાન સુ.મ.ન.પા.ને થાય છે કે કેમ જેના ઉપર સખત ચેકીંગ થવું જોઈએ એમ કરવામાં આવતું નથી. જેનો લાભ કોન્ટ્રાકટરના માણસો લઈ કચરામાંથી વસ્તુ છુટી પાડી ભંગારવાળાને વેચી નાંખે છે. સુ.મ.ન.પા.ની હદમાં ડોર ટુ ડોર કચરાની ગાડીઓ ફરે છે જેના ડ્રાઈવર માણસો ડ્રેસ પહેરતા નથી. અને દરેક ગાડી પાછળ તેમજ ડ્રાઈવરની સીટની બાજુમાં કચરામાંથી છુટી પાડેલ વસ્તુઓના કોથળા રાખવામાં આવે છે તેમ છતાં અમુક દિવસ દંડ કરી સેટીંગ કરવામાં આવે છે તે રજુ કરેલ પુરવાઓ ઉપરથી જણાય આવે છે. તેવું તેમનું માનવુ છે. આમ સદરહુ ગાડીઓના માણસો દારૂ પીધેલી હાલતમાં તેમજ નાના બાળકોને પણ કામ ઉપર રાખવામાં આવે છે. તેવી રજુઆત કરેલ છે. પરંતુ તેમાં કઈ અને કેટલી માહિતી નહી મળ્યા અંગેની કોઈ રજુઆત કરેલ નથી.

આમ અરજદારે અપીલ અરજીમાં દૈનિક પત્રનો હવાલો રાખી તેમજ ડ્રાઈવરો તેમજ કચરા ગાડીમાં કામ કરતા માણસો યુનિફોર્મ નહી પહેરવાની, દારૂ પીને આવવાની, ચેકીગ ન કરવાની, પ્લાસ્ટિક ભંગાર છુટો પાડીને વેચવાની વિગેરે બાબતે કાર્યવાહી ન કરવામાં આવતી હોવાની પૂરક વિગતો પરથી જણાય છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જણાવેલ વિગતો મુજબ પ્રશ્ન નં. ૪ માં યુનિફોર્મ ન પહેવાના શરતના પાલન અંગે કતારગામઝોન , અઠવાઝોન, રાંદેરઝોન,વરાછાઝોન તેમજ પ્રશ્ન નં. ૬ ગાડીમાં છારું ભરવાના તેમજ પ્રશ્ન નં. ૭માં ગાડી ઉપર અલગ કોથળા રાખવા બાબતે કતારગામઝોન અઠવાઝોન તરફથી દંડ વસુલ કરવામાં આવેલ. જયારે પ્રશ્ન ૮ માં પ્લાસ્ટિક તેમજ અન્ય છુટી પાડેલી વસ્તુઓ બાબતે જે તે શરત ભંગ બાબતે અઠવાઝોન, રાંદેરઝોનમાં દંડ વસુલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી દંડ વસુલ કરવાનું આપેલ માહિતીના પત્રકો ઉપરથી જણાય છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૮–૩–૧૨ ધ્યાને લેતાં ૨૬–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૧–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૩–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પુરી પડાયેલી ન હોઈ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની

કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે."

અરજદારે પૂરક વિગતોમાં અરજીમાં દૈનિક પત્રનો હવાલો રાખી તેમજ ડ્રાઈવરો તેમજ કચરા ગાડીમાં કામ કરતા માણસો યુનિફોર્મ નહી પહેરવાની, દારૂ પીને આવવાની, ચેકીંગ ન કરવાની, પ્લાસ્ટિક ભંગાર છુટો પાડી વેચવાની વિગેરે બાબતે કાર્યવાહીને લગતી રજુઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવાની રહે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન),એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન),એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)...... જાણ તથા અમલ માટે

(૨) શ્રી હેમંત એન. દેસાઈ,